**૭૩ પ્રેસ નોટ ૯૭ તા.૧૨/૦૧/૨૦૨૪**

**બાબરા તાલુકાના ગળકોટડી ગામ નજીક આવેલ જીનીંગ મીલમાં સિકયુરીટી ગાર્ડને માર મારી લુંટ ચલાવનાર ઈસમોને પકડી પાડી, લુંટનો અનડીટેકટ ગુનો ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી. ટીમ**

## ➡ ગુનાની વિગતઃ-

બાબરા તાલુકાના ગળકોટડી ગામની નજીક, રાજકોટ – ભાવનગર હાઈવે રોડ ઉપર આવેલ લક્ષ્મી કોટેસ નામના કપાસના જીનમાં ગઇ તા.૦૫/૦૧/૨૨૦૨૪ ની રાત્રીના આશરે સાડા દસકે વાગ્યે બે અજાણ્યા ઈસમો ચોરી કરવાના ઈરાદે ગેરકાયદેસર પ્રવેશ કરી, આ જીનમાં સિકયુરીટી તરીકે ફરજ બજાવતા ગોરધનભાઇ જીવરાજભાઇ સાંયકા, ઉ.વ.૭૫, રહે.ચાવંડ, તા.લાઠી, જિ.અમરેલી વાળાને લાઠી વડે માર મારી, ગંભિર ઈજાઓ કરી, ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી, ગોરધનભાઈનો મોબાઇલ ફોન કિં.રૂ.૫૦૦/- તથા હાથબત્તી કિં.રૂ.૧૦૦/- મળી કુલ કિં.રૂ.૬૦૦/- ની લુંટ કરી નાશી ગયેલ હોય, જે અંગે ગોરધનભાઈએ અજાણ્યા આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ જાહેર કરતા **બાબરા પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુ.ર.નં. ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૮૨૪૦૦૭/૨૦૨૪, ઈ.પી.કો. કલમ ૩૯૪, ૪૫૮, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫** મુજબનો ગુનો રજી. કરવામાં આવેલ.

**ભાવનગર રેન્જ આઈ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા ગંભીર અનડીટેક્ટ ગુન્હાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓએ આ પ્રકારના ગંભીર અનડીટેક્ટ ગુન્હાના આરોપીને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અમરેલી એલ.સી.બી.ને માર્ગદર્શન આપેલ હતું.

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. શ્રી એ.એમ. પટેલ** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી.ટીમ** દ્વારા ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે તપાસ હાથ ધરવામાં આવેલ અને આજ રોજ તા.૧૨/૦૧/૨૦૨૪ નાં રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન રાજુલા, બાયપાસ રોડ, કુંભનાથ મહાદેવ મંદીરની સામેથી એક ઇસમને શંકાસ્પદ હાલતમાં પકડી પાડી, મજકુર ઇસમની સઘન પુછ પરછ કરતા ઉપરોકત લુંટના ગુનાની કબુલાત આપતા, પકડાયેલ આરોપીને આગળની કાર્યવાહી થવા રાજુલા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

## ➡ પકડાયેલ આરોઓપીઃ-

(૧) અજયસિંહ ઉર્ફે અર્જુનસિંહ ભીખુભા સોઢા, ઉ.વ.૩૦, રહે.શાપર(વેરાવળ), આનંદ રેસીડેન્સી, બ્લોક નં.૫૦૧, તા.લોધીકા, જિ.રાજકોટ.
(૨) જહાંગીર ઉર્ફે જાકીર ઇબ્રાહીમભાઇ રાવકેડા, ઉ.વ.૨૯, રહે.જામવાડી, જી.ડી.સી.સી., તા.ગોંડલ, જિ.રાજકોટ.
(૩) બ્રિજેશ રાજુભાઇ બડેલીયા, ઉ.વ.૩૮, રહે.શાપર(વેરાવળ), આર્દશ સોસાયટી, બ્લોક નં.એ/૩૮, તા.કોટડા સાંગાણી, જિ.રાજકોટ.
(૪) અશ્વિન પ્રવિણભાઇ પરમાર, ઉ.વ.૪૦, રહે.શાપર (વેરાવળ), રામ મંદિર વાળી શેરી, તા.કોટડા સાંગાણી, જિ.રાજકોટ.
(૫) અફઝલ ઉર્ફે ભુરો હમીદમીયા સૈયદ, ઉ.વ.૨૪, રહે.પીપળીયા, આદર્શ સોસાયટી, તા.લોધીકા, જિ.રાજકોટ.

## ➡ કબ્જે કરેલ મુદ્દામાલઃ-

કીપેઇડ વાળા મોબાઈલ ફોન નંગ – ૩, કિં.રૂ.૫૦૦/- તથા એક એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિં.રૂ.૫,૦૦૦/- તથા એક રીક્ષા રજી. નં. જી.જે.૦૩.બી.એકસ. ૮૩૮૪ કિં.રૂ.૫૦,૦૦૦/- મળી **કુલ કિં.રૂ.૫૫,૫૦૦/- નો મુદ્દામાલ.**

## ➡ પકડાયેલ આરોપીઓની પુછપરછ દરમિયાન ખુલવા પામેલ હકીકતઃ-

ગઇ તા.૦૪/૦૧/૨૦૨૩ નાં રોજ રાત્રીના પાંચેય ઈસમો રીક્ષા લઇ ભાવનગર રોડ ઉપર આવેલ જીનીંગ મીલમાં પાસે આવેલ. આ જીનીંગ મીલની દિવાલ કુદીને અંદર ગયેલ અને જીનીંગ મીલમાં ઈલેકટ્રીક મોટરોની ચોરી કરવા ઇલકટ્રીક મોટર ખોલી નાખેલ અને તે વખતે ત્યાના સિકયુરીટી ગાર્ડ વાળા ભાઇ જાગી જતા તેને માર મારી, ઈજાઓ કરી, તેની પાસેથી મોબાઇલ ફોન તથા એક હાથબત્તીની લુંટ કરી, રીક્ષા લઇ જતા રહેલ હોવાની હકિકત જણાવેલ છે.

## ➡ પકડાયેલ આરોપીઓનો ગુન્હાહિત ઈતિહાસઃ-

પકડાયેલ આરોપી પૈકી અજયસિંહ ઉર્ફે અર્જુનસિંહ ભીખુભાઇ સોઢા વિરૂધ્ધ નીચે મુજબના ગુનાઓ રજી. થયેલ છે.

(૧) શાપર વેરાવળ પો.સ્ટે. (જિ.રાજકોટ) ફ. ગુ.ર.નં.૨૪/૨૦૧૬, આઇ.પી.સી. કલમ ૩૯૨, ૧૧૪ મુજબ.

(૨) મીઠાપુર પો.સ્ટે. (જિ.દેવભુમી દ્વારકા) એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૮૫૦૦૫૨૦૧૦૧૧/૨૦૨૦, આઇ.પી.સી. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ.

(૩) બાવળા પો.સ્ટે. (જિ.અમદાવાદ) એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૨૦૦૮૨૧૦૫૭૧/૨૦૨૧, આઇ.પી.સી. કલમ ૩૨૮, ૩૭૯, ૩૪ મુજબ.

(૪) જામનગર સીટી એ ડીવી. પો.સ્ટે.(જિ.જામનગર) એ પાર્ટ ગુ.ર.નં.૧૧૨૦૨૦૦૮૨૧૧૨૩૭/૨૦૨૧, આઇ.પી.સી. કલમ ૩૭૯ મુજબ.

(૫) જામકંડોરાણા પો.સ્ટે. (જિ.રાજકોટ) એ પાર્ટ ગુ.ર.નં.૧૧૨૧૩૦૨૦૨૧૦૫૬૭/૨૦૨૧, આઇ.પી.સી. કલમ ૩૨૮, ૩૨૯ મુજબ.

(૬) જામનગર સી ડીવી. પો.સ્ટે.( જિ.જામનગર) એ પાર્ટ ગુ.ર.નં.૮૦૮/૨૦૨૧, આઇ.પી.સી. કલમ ૩૭૯ મુજબ.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **પો.સ.ઇ.શ્રી એમ.બી. ગોહિલ** તથા **એ.એસ.આઇ. જાવેદભાઇ ચૌહાણ** તથા **હેડ કોન્સ. મનિષભાઇ જાની, નિકુલસિંહ રાઠોડ, તુષારભાઇ પાંચાણી** તથા **પો.કોન્સ. રાહુલભાઇ ઢાપા** દ્વારા કરવામાં આવેલ છે.

**૦૪ પ્રેસ નોટ ૪૭ તા.૧૩/૦૧/૨૦૨૪**

**અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રીનાઓએ પાસા હેઠળ કાર્યવાહી કરતા, મિલકત સબંધી ગુનાઓ આચરતા બે ઇસમોને પાસા હેઠળ જેલમાં ધકેલતી અમરેલી એલ.સી.બી.**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ રેન્જના જિલ્લાઓમાં જાણીતા ગુનેગારો અને અસામાજીક તત્વો અને ગેરકાયદેસર પ્રવૃતિ સાથે સંકળાયેલ ઇસમો સામે પાસા અને તડીપારના કાયદા હેઠળ અટકાયતી પગલા લેવા સુચના આપેલ હોય, અને **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓઓ દ્વારા અમરેલી જિલ્લામાં ચોરી, લુંટ સહિતના મિલકત-સબંધી ગુન્હાઓ કરવાની ટેવ વાળા ઇસમો, કે જે નાગરિકોની માલ- મિલ્કતની ચોરી કરતા હોય, આવા મિલકત સબંધી ગુનાઓ આચરતા ભયજનક ઇસમો સામે કડક હાથે કાર્યવાહી કરવા અને આવા ગુનેગારોને કાયદાનું ભાન થાય, તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદ્રઢ બને, તે માટે પાસા-તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** નાઓએ અમરેલી જિલ્લામાં ચોરીઓના ગુનાઓ કરતા ઇસમો વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્તો તૈયાર કરી, પોલીસ અધિક્ષકશ્રી અમરેલીનાઓ મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અમરેલીનાઓ તરફ મોકલી આપેલ.

લોકોની માલ – મિલકત જેના કારણે જોખમમાં મુકામ શકે તેવા ઇસમોની સમાજ-વિરોધી પ્રવૃત્તિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં,**અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અજય દહિયા સાહેબ**નાઓએ મિલકત સબંધી ગુનાઓ આચરતા ઇસમો વિરૂધ્ધ પાસાના વોરંટો ઇસ્યું કરતાં, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના મુજબ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **એલ.સી.બી. ટીમ** દ્વારા બે ઇસમોને પાસા વોરંટોની બજવણી કરી, બન્ને ઇસમોને જેલ ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

➡ **પાસા અટકાયતી ઇસમોનું નામ અને તેને મોકલેલ તે જેલની વિગતઃ**

| | | | |
|---|---|---|---|
| (૧) | ગોવિંદસીંગ નાનકસીંગ બાવરી (ચીખલીગર), ઉ.વ.૨૪, રહે.મોટી કુંકાવાવ, ભીરામવનગર, તા.વડીયા, જિ.અમરેલી. મુળ રહે.વડોદરા, ઘાઘરેટીય, ઇન્દ્રનગર, સોમા તળાવ. | :- | મધ્યસ્થ જેલ, સુરત. |
| (૨) | સુરેન્દ્રસીંગ સંતોકસીંગ ડાંગી (ચીખલીગર), ઉ.વ.૨૯, રહે.ગોંડલ, જામવાડી, તા.ગોંડલ, જિ.રાજકોટ. | :- | જિલ્લા જેલ, મહેસાણા |

➡ **પાસા અટકાયતી ઇસમોનો ગુનાહિત ઇતિહાસઃ-**

પાસા અટકાયતી ગોવિંદસીંગ નાનકસીંગ બાવરી તથા સુરેન્દ્રસીંગ સંતોકસીંગ ડાંગી વિરૂધ્ધમાં નીચે મુજબના ગુનાઓ રજી. થયેલ છે.

(૧) અમરેલી રૂરલ પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૪૨૩૦૪૪૭/૨૦૨૩ આઇ.પી.સી. કલમ ૩૮૦, ૪૫૭, ૧૧૪ મુજબ
(૨) બગસરા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૯૨૩૦૨૦૩/૨૦૨૩, આઇ.પી.સી. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ
(૩) બગસરા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૯૨૩૦૧૮૧/૨૦૨૩, આઇ.પી.સી. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ

આમ, મિલકત સબંધી ગુનાઓ આચરતા અને આમ જનતાની માલ-મિલકત માટે જોખમરૂપ ઇસમો સામે પાસા હેઠળ કાર્યવાહી કરી, જેલ હવાલે કરી, અસામાજિક પ્રવૃતિ કરતા ઇસમો સામે ચેતવણીરૂપ કામગીરી કરેલ છે.

**પ્રેસ નોટ** **તા.૧૨/૦૧/૨૦૨૪**

## અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રીનાઓએ પાસા હેઠળ કાર્યવાહી કરતા, મિલકત સબંધી ગુનાઓ આચરતા ઈસમને પાસા હેઠળ જેલમાં ધકેલતી અમરેલી એલ.સી.બી.

**ભાવનગર રેન્જ આઈ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ રેન્જના જિલ્લાઓમાં જાણીતા ગુનેગારો અને અસામાજીક તત્વો અને ગેરકાયદેસર પ્રવૃતિ સાથે સંકળાયેલ ઈસમો સામે પાસા અને તડીપારના કાયદા હેઠળ અટકાયતી પગલા લેવા સુચના આપેલ હોય, અને **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓઓ દ્રારા અમરેલી જિલ્લામાં ચોરી, લુંટ સહિતના મિલકત-સબંધી ગુન્હાઓ કરવાની ટેવ વાળા ઈસમો, કે જે નાગરિકોની માલ- મિલકતની ચોરી કરતા હોય, આવા મિલકત સબંધી ગુનાઓ આચરતા ભયજનક ઈસમો સામે કડક હાથે કાર્યવાહી કરવા અને આવા ગુનેગારોને કાયદાનું ભાન થાય, તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદઢ બને, તે માટે પાસા-તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.શ્રી એ.એમ.પટેલ** નાઓએ અમરેલી જિલ્લા તથા અન્ય જિલ્લાઓમાં ચોરીઓના ગુનાઓ કરતા ઈસમ **ગુરૂમુખસીંગ કિશોરસીંગ ટાંક (સીખલીગર), ઉ.વ.૨૧, રહે. મોટી કુંકાવાવ, ભીમરાવનગર, તા.વડીયા, જિ.અમરેલી મુળ રહે. વડોદરા, વારસીયા, પાપલોર બેકરીની પાછળ, બીમા દવાખાના પાછળ, તા.જિ.વડોદરા** વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષકશ્રી અમરેલીનાઓ મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અમરેલીનાઓ તરફ મોકલી આપેલ.

લોકોની માલ – મિલકત જેના કારણે જોખમમાં મુકામ શકે તેવા ઈસમની સમાજ-વિરોધી પ્રવૃત્તિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં, **અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અજય દહિયા સાહેબ**નાઓએ ઉપરોકત ઈસમ વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યું કરતાં, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના મુજબ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **એલ.સી.બી. ટીમ** દ્વારા ચિરાગ કિશોરભાઇ પરમારને પાસા વોરંટની બજવણી કરી, **જિલ્લા જેલ પોરબંદર** ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

**⇨ પાસા અટકાયતી ચિરાગ કિશોરભાઇ પરમારનો ગુનાહિત ઈતિહાસઃ-**

(૧) અમરેલી રૂરલ પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૪૨૩૦૪૪૭/૨૦૨૩ આઈ.પી.સી. કલમ ૩૮૦, ૪૫૭, ૧૧૪ મુજબ
(૨) બગસરા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૯૨૩૦૨૦૩/૨૦૨૩, આઈ.પી.સી. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ
(૩) બગસરા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૯૨૩૦૧૮૧/૨૦૨૩, આઈ.પી.સી. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ

આમ, મિલકત સબંધી ગુનાઓ આચરતા અને આમ જનતાની માલ-મિલકત માટે જોખમરૂપ ઈસમ સામે પાસા હેઠળ કાર્યવાહી કરી, જેલ હવાલે કરી, અસામાજિક પ્રવૃતિ કરતા ઈસમો સામે ચેતવણીરૂપ કામગીરી કરેલ છે.

**પ્રેસ નોટ** **તા.૧૨/૦૧/૨૦૨૩**

## અમરેલી જિલ્લા જેલમાંથી વચગાળાના જામીન ઉપર છુટી છેલ્લા ચારેક વર્ષથી ફરાર પાકા કામના કેદીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી.

**ભાવનગર રેન્જ આઈ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ રેન્જના જિલ્લાઓમાં ગુનાઓ કરી, નાસતા ફરતા આરોપીઓને તથા જેલમાંથી ફરાર કેદીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં શરીર સબંધી અને મિલકત સબંધી ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતાં આરોપીઓ તથા જેલમાંથી પેરોલ/ફર્લો તથા વચગાળાના જામીન પરથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ.

**શિહોર પો.સ્ટે. (જિ.ભાવનગર) ફ. ગુ.ર.નં. ૨૨/૨૦૦૧, આઈ.પી.સી. કલમ ૩૦૨** મુજબના ગુનાના કામે અમરેલી જિલ્લા જેલમાં પાકા કામના કેદી તરીકે સજા ભોગવતા કેદીને અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઈન્સપેક્ટર જનરલશ્રી ગુજરાત રાજય, અમદાવાદના જ્યુડી/ફરલ/૫/ ૩૨૭૯/૨૦૨૦, તા.૨૩/૦૪/૨૦૨૦ ના હુકમ અન્વયે તા.૨૪/૦૪/૨૦૨૦ ના રોજ ફર્લો રજા પર જેલ મુક્ત થયેલ તથા અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઈન્સપેક્ટર જનરલશ્રી ગુજરાત રાજય, અમદાવાદના હુકમ અન્વયે કોવિડ-૧૯ સંદર્ભે મજકુરની ફર્લો રજામાં તા.૩૧/૦૫/૨૦૨૦ સુધીનો વધારો થતા મજકુરને તા.૦૧/૦૬/૨૦૨૦ ના રોજ હાજર થવાનું હતુ પરંતુ મજકુર કેદી જેલમાં હાજર થવાને બદલે ફરાર થઇ ગયેલ હતો.

**અમરેલી એલ.સી.બી. પો.ઈન્સ.શ્રી એ.એમ.પટેલ** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ**ને મળેલ બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે ફરાર થયેલ કેદીને આજ રોજ તા.૧૨/૦૧/૨૦૨૪ નાં સુરેન્દ્રનગર જિલ્લાના મુળી તાલુકાના દિગસર ગામની સીમમાંથી પકડી પાડી, અમરેલી જિલ્લા જેલ ખાતે કેદમાં રહેવા સારૂ મોકલી આપેલ છે.

➡ **<u>પકડાયેલ કેદીનું નામઃ-</u>**

**દામજીભાઇ લક્ષ્મણભાઇ મકવાણા, ૪૫, રહે. મઢડા, તા.શિહોર, જિ.ભાવનગર, હાલ રહે. દિગસર ગામની સીમ, તા.મુળી, જિ. સુરેન્દ્રનગર.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **પો.સ.ઇ.શ્રી એમ.બી.ગોહિલ** તથા **એ.એસ.આઇ. મહેશભાઇ સરવૈયા,** તથા હેડ **કોન્સ. અજયભાઇ સોલંકી, તુષારભાઇ પાંચાણી** તથા **પો.કોન્સ. ઉદયભાઇ મેણીયા, હરેશભાઇ કુંવારદાસ** દ્વારા કરવામાં આવેલ છે.

**ઌ પ્રેસ નોટ ૠ** **<u>તા.૧૦/૦૧/૨૦૨૪</u>**

## <u>રાજુલા ટાઉનમાં જાહેરમાં જુગાર રમતા ચાર ઇસમોને પકડી પાડી અમરેલી એલ.સી.બી. ટીમ</u>

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓએ જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું,

**અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી.ટીમ** આજ રોજ તા.૧૦/૦૧/૨૦૨૪ ના રાજુલા ટાઉનમાં પેટ્રોલીંગ દરમ્યાન બાતમી હકિકત આધારે રાજુલા ટાઉનમાં બાવળીયાવાડી વિસ્તારમાં જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા ચાર ઇસમોને જુગાર રમતા રોકડ રકમ, તથા જુગાર સાહિત્ય સાથે પકડી પાડી, તમામ ઇસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ રાજુલા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે

➡ **<u>પકડાયેલ આરોપીઓઃ-</u>**

(૧) બીસુભાઇ એભલભાઇ બેપારીયા, ઉ.વ.૪૦, રહે.ઉચૈયા, તા.રાજુલા, જિ.અમરેલી.
(૨) મધુભાઇ જગાભાઇ જેઠવા, ઉ.વ.૪૧, રહે.રાજુલા, બીડીકામદાર સોસાયટી, તા.રાજુલા, જિ.અમરેલી.
(૩) રફીકભાઇ હસનભાઇ ઝાખરા, ઉ.વ.૪૮, રહે.રાજુલા, બાવળીયાવડી, તા.રાજુલા, જિ.અમરેલી.
(૪) ડોસલભાઇ ઓઘડભાઇ ખુમાણ, ઉ.વ.૬૪, રહે.માલકનેસ, તા.ખાંભા, જિ.અમરેલી.

➡ **<u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>**

રોકડા રૂ.૧૧,૨૦૦/- તથા ગંજીપત્તાના પાના નંગ-૫૨ કિં.રૂ.૦૦/- મળી **કુલ કિં.રૂ.૧૧,૨૦૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **પો.સ.ઇ.શ્રી એમ.બી.ગોહિલ** તથા **એ.એસ.આઇ. બહાદુરભાઇ વાળા,** તથા હેડ **કોન્સ. લીલેશભાઇ બાબરીયા,** તથા **પો.કોન્સ. યુવરાજસિંહ વાળા, વિનુભાઇ બારૈયા** દ્વારા કરવામાં આવેલ છે.

**૭૩ પ્રેસ નોટ ૪૭ તા.૧૦/૦૧/૨૦૨૪**

**સાવરકુંડલા ટાઉન પો.સ્ટે. માં e-FIR દ્વારા દાખલ થયેલ મોબાઇલ ચોરીના ગુનામાં એક ઇસમને ચોરીના મોબાઇલ ફોન સાથે પકડી પાડી, અનડીટેકટ ગુનો ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી. ટીમ**

**ગુજરાત સરકારીશ્રી** દ્વારા ગુજરાતના નાગરીકોને આપવામાં આવતી ઓનલાઇન સેવાઓમાં વધારો કરી, વાહન ચોરી કે મોબાઇલ ચોરી થયા અંગેની ફરીયાદ કરવા પોલીસ સ્ટેશનમાં જવુ ન પડે, અને ઘરે બેઠા ફરીયાદ કરી શકાય તે માટે સીટીઝન પોર્ટલ અથવા સીટીઝન ફર્સ્ટ મોબાઇલ એપ મારફતે ફરીયાદ કરવા e-FIR ની સુવિધાનો પ્રારંભ કરવામાં આવેલ છે. જે અન્વયે **પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી સાહેબશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર** નાઓએ સરકારશ્રીની આ યોજનાનો લાભ લેવા નાગરીકો દ્વારા વાહન ચોરી કે મોબાઇલ ચોરી અંગે દાખલ કરવામાં આવતી e-FIR અન્વયે સુચનો અને માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે.

➡ **ગુનાની વિગતઃ-**

ગઇ તા.૧૨/૦૯/૨૦૨૩ ના રોજ સુરેશભાઇ જીવરાજભાઇ સાંગાણી, ઉ.વ.૪૦, રહે.રાજસ્થળી, તા.જિ.અમરેલી વાળા સાવરકુંડલા ગયેલ હોય, તે દરમિયાન પોતાનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિં.રૂ.૧૨,૪૯૯/- નો કોઇ અજાણ્યો ઇસમ ચોરી કરી લઇ ગયેલ હોય, જે અંગે સુરેશભાઇ દ્વારા e-FIR કરાવેલ હોય, જે e-FIR અંગે ખરાઇ કરી, તેના પરથી **સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૫૨૨૩૦૩૬૧/૨૦૨૩, ઇ.પી.કો. કલમ ૩૭૯** મુજબનો ગુનો રજી. કરવામાં આવેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમા e-FIR દ્વારા દાખલ થયેલ અનડીટેકટ ગુનાઓ ડીટેકટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામા e-FIR થી દાખલ થયેલ ગુનાઓના આરોપીઓને પકડી પાડી, નાગરિકોના ચોરાયેલ વાહન, મોબાઇલ ફોન તેમને પાછા મળે, તે માટે જરૂરી કાર્યવાહી કરવા અમરેલી જિલ્લા પોલીસને જરૂરી માર્ગદર્શન આપેલ.

ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે **એલ.સી.બી. ટીમ** દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ અને સાવરકુંડલા ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન સાવરકુંડલા, નગરપાલીકા પાસેથી એક ઇસમને શંકાસ્પદ હાલતમાં પકડી પાડેલ અને તેની પાસેથી ઉપરોકત ચોરીમાં ગયેલ મોબાઇલ ફોન મળી આવતા, પકડાયેલ ઇસમને ચોરીના મોબાઇલ ફોન સાથે આગળની કાર્યવાહી થવા સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં સોંપી આપવા કાર્યવાહી કરેલ છે.

➡ **પકડાયેલ આરોપીની વિગતઃ-**

**સાહીલ ઉસ્માનભાઇ પરમાર, ઉ.વ.૩૫, રહે.સાવરકુંડલા, શ્રમજીવીનગર, તા.સાવરકુંડલા, જિ.અમરેલી.**

➡ **રીકવર કરેલ મુદ્દામાલની વિગતઃ-**

**એક ઓપ્પો કંપનીનો** A17 CPH2477 **મોડલનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિં.રૂ.૧૨,૪૯૯/- નો મુદ્દામાલ**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **પો.સ.ઇ.શ્રી એમ.બી.ગોહિલ** તથા **એ.એસ.આઇ. જીગ્નેશભાઇ અમરેલીયા, યુવરાજસિંહ રાઠોડ** તથા **હેડ કોન્સ. તુષારભાઇ પાંચાણી** દ્વારા કરવામાં આવેલ છે.